# પ્લાસ્ટિક ઉદ્યોગના વિશ્વના ત્રીજા સૌથી મોટા પ્રદર્શનનો ગાંધીનગરમાં પ્રારંભ

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝના વ્યાપ દ્વારા રોજગાર નિર્માણ, ઈનોવેશન્સ સ્ટાર્ટઅપ જેવા આધુનિક આયામોની નેમ વ્યક્ત કરી છે. પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ એ ભવિષ્યનું વિકાસનું નવતર ક્ષેત્ર છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

આ સંદર્ભમાં તેમણે જાહેર કર્યું હતું કે પ્લાસ્ટિક ઉદ્યોગકારો, ઉદ્યોગોને નવી ગતિ આપવા સાણંદમાં રાજ્યનો બીજો પ્લાસ્ટિક પાર્ક નિર્માણ થશે. ભરૂચના દહેજમાં આ પ્રકારનો ડેડિકેટેડ પ્લાસ્ટિક પાર્ક રાજ્ય સરકારે કાર્યરત્ કર્યો છે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરમાં યોજાઈ રહેલા પાંચ દિવસીય પ્લાસ્ટઈન્ડિયા-૨૦૧૮ એક્ઝિબિશન-કોન્ફરન્સ અને કન્વેન્શનનો પ્રારંભ કરાવ્યો હતો.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે પ્લાસ્ટિક ઉત્પાદનો 'ઝિરો ડિફેક્ટ' પર્યાવરણ પ્રિય ઉત્પાદનો બની રહે તથા રિસાયકલિંગ અને ન્યૂ ઈન્વેન્શન્સથી પ્લાસ્ટિક ઉત્પાદનો વધુ સહજ બને તેવી રાજ્ય સરકારની અપેક્ષા છે.

આ માટે ગુજરાત સરકારે પ્લાસ્ટિક ઉદ્યોગની ટેક્નોલોજીમાં નવા શોધ-સંશોધનોને વેગ આપવા

## ૫૦ દેશોના પ્રતિનિધિઓ-ભારતના ૨ હજાર એક્ઝિબિટર્સ ભાગ લેશે

વાપીમાં પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટીની સ્થાપનાની પ્રક્રિયા ગતિમય બનાવી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી.

મુખ્યમંત્રીએ રાજ્યમાં પ્લાસ્ટિક-પોલીમર્સના ઉદ્યોગોના વિકાસની તેજ રફતાર સરકારે જાણીને સ્પેસિફિક પ્લાસ્ટિક પોલિસી ઘડી છે અને ઉદ્યોગકારોના સૂઝાવને આધારે તેને વધુ ઈન્ડસ્ટ્રિયલ ફ્રેન્ડલી બનાવી છે તેમ ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે દેશના પોલિમર ઉત્પાદનમાં ૫૦ ટકાથી વધુ ફાળો ગુજરાતનો છે. એટલું જ નહિં, દેશના ચોથા ભાગનું પ્લાસ્ટિક વેસ્ટ રિસાયકલ કરીને ગુજરાત મોસ્ટ ઈકોફ્રેન્ડલી સ્ટેટ તરીકે ઊભરી આવ્યું છે.

મુખ્યમંત્રીએ પ્લાસ્ટિક ઉદ્યોગોના રાજ્યમાં ૧૦ હજારથી વધુ એકમો કાર્યરત છે તેની છણાવટ કરતા ઉમેર્યું કે આમાના અધિકાંશ ઉદ્યોગો MSME સેકટરના છે અને ૮૨,૦૦૦ લોકોને રોજગાર અવસર પૂરા પાડે છે. ઔદ્યોગિક રોકાણમાં આ ઉદ્યોગો ૫૫૮૦ કરોડનું રોકાણ ધરાવે છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૮ના ૧૦મા એક્ઝીબિશનના ઉદઘાટન પ્રસંગે રાજ્યના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલે ગુજરાતને એક્ઝીબિશન માટે શ્રેષ્ઠ સ્થળ ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશનું આર્થિક માળખું વધુને વધુ મજબૂત બન્યું છે.






આંતરમાળખાકીય સુવિધા, ગ્રામીણ વિકાસ અને સેવાક્ષેત્રના વિકાસને કારણે આર્થિક માળખું વધુ મજબૂત બન્યું છે. ગુજરાતને પ્લાસ્ટિક કેપિટલ ગણાવતા ઉર્જામંત્રી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં પેટ્રો રો-મટિરીયલની ઉપલબ્ધિ બિઝનેસ ફ્રેન્ડલી પોલીસી, શ્રેષ્ઠ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ફેસેલીટી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સબળ અને દ્રષ્ટિવંત નેતૃત્વને કારણે ગુજરાત પ્લાસ્ટિક ઉદ્યોગકારોને આકર્ષવામાં વધુ ને વધુ સફળ થઈ રહ્યું છે. મંત્રીએ આગામી વર્ષ ૨૦૨૧નું એક્ઝીબિશન પણ ગુજરાતને આંગણે યોજાય તેવો અનુરોધ પણ કર્યો હતો.

# આગામી એક દાયકામાં પ્લાસ્ટીકના વપરાશમાં માથાદીઠ ત્રણ ગણી વૃદ્ધિ થશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં આજે પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૮નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટ ઈન્ડિયાના આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ૨ હજારથી વધુ એક્ઝીબીટર્સે ભાગ લીધો છે. આગામી વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારત પ્લાસ્ટીક ક્ષેત્રે ત્રીજા નંબરનો સૌથી મોટો દેશ બનવાની અપેક્ષા છે. જ્યારે પ્લાસ્ટીક પેકેજીંગ ઉદ્યોગ પણ આગામી ૫ વર્ષમાં ૨ ગણો વપરાશ વધવાની સંભાવના છે. પ્લાસ્ટીક વપરાશમાં પણ દાયકામાં માથાદીઠ ત્રણ ગણી વૃદ્ધિ થશે.

પ્લાસ્ટઈન્ડિયા ૦૧૮ની નેશનલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલના ચેરમેન રાજીવ ચિતલીયાએ જણાવ્યુ હતુ કે ' ૨ લાખથી વધુ ઉદ્યોગ ક્ષેત્રના મુલાકાતીઓ અને ૨૦૦૦થી વધુ એક્ઝીબીટર્સ પ્લાસ્ટઈન્ડિયાને સૌથી મોટો અને સુસંકલિત પ્લાસ્ટીક ટ્રેડ ફેર બનાવશે. કોન્ફરન્સો, રિવર્સ બાયર-સેલર મીટ્સ, એચડીએફસી બેંક દ્વારા પ્રિ-એપૃવ્ડ લોન અને અન્ય ઘણી બધી બાબતો આ સમારંભનું મહત્વનું પાસુ બની રહેશે. પ્રદર્શનમાં આધુનિક ટેકનોલોજીસનું નિદર્શન કરીને વ્યાપાર ક્ષેત્રના ગ્લોબલ સહયોગીઓ પોતાના જ્ઞાનની ઉત્તમ પ્રણાલિઓ દ્વારા અનુભવમાં વૃદ્ધિ કરશે. પ્લાસ્ટઈન્ડિયા આ ક્ષેત્રનો વિશ્વમાં બીજા નંબરનો સૌથી મોટો સમારંભ હોવાનું અને સાઉથ-ઈસ્ટ એશિયાનો સૌથી મોટા સમારંભ તરીકેનું ગૌરવ ધરાવે છે.'

ભારતના પ્લાસ્ટીક ઉદ્યોગનું ટર્ન ઓવર નાણાંકિય વર્ષ ૨૦૧૮માં ૨૦ અબજ ડોલરના ટર્ન ઓવરને સ્પર્શવા માટે સજ્જ બન્યું છે, જે મૂલ્યની દૃષ્ટિએ ૪ ગણી વૃદ્ધિ નોંધાવે તેવી સંભાવના છે. વિશ્વના એકમો વધુને વધુ પ્રમાણમાં પોતાની ઉત્પાદન પ્રવૃત્તિ ભારતમાં ખસેડી રહ્યા છે. હકિકતમાં ૨૨,૦૦૦ ચો.મી.થી વધુ જગા પ્લાસ્ટઈન્ડિયામાં ૪૦ થી વધુ દેશોના વિદેશી એક્ઝીબીટર્સ દ્વારા બુક કરવામાં આવી છે. આ સમારંભને ભારત સરકાર, ગુજરાત સરકાર અને ઈન્ડેક્ષ્ટબીનો સહયોગ પ્રાપ્ત થયો છે. ભારતમાં ઉદ્યોગ તરીકે પ્લાસ્ટીકનું વિશેષ મહત્વ છે, કારણ કે આ દેશ વિશ્વના ૭માં નંબરનો સૌથી મોટુ મેન્યુફેક્ચરીંગ બેઝ ધરાવે છે અને તેમાં વર્ષ ૨૦૨૧ સુધીમાં યુવા વસતિનું પ્રમાણ ૪૬૪ મિલિયન થવાની અપેક્ષા છે. અંદાજે બે ટ્રિલિયન ડોલર જેટલો અપેક્ષિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચ થશે જે આગામી દાયકામાં અંદાજે ૯૦ મિલિયનથી વધુ રોજગારી પેદા થવાની અપેક્ષા છે.

૧૨ ટકાનો વૃદ્ધિ દર નોંધાવતા આ ઉદ્યોગમાં ૩૦,૦૦૦ જેટલા પ્રોસેસિંગ યુનિટ્સ છે, ૪ મિલિયન લોકોને રોજગારી આપે છે અને ૨૦૦૦થી વધુ નિકાસકારો આ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. દર વર્ષે અંદાજે ૪ મિલિયન ટન જેટલું પ્લાસ્ટીક રિસાયકલ કરવામાં આવે છે. ૧૫૦ થી વધુ દેશો ભારતમાંથી આયાત કરે છે.

એકંદરે ભારતના પ્લાસ્ટીક ઉદ્યોગનું ભાવિ તેજોમય છે અને વર્ષ ૨૦૨૦ સુધીમાં ભારત પ્લાસ્ટીકનો ત્રીજો નંબરનો સૌથી મોટો દેશ બનવાની અપેક્ષા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ વેલેન્ટાઈન ડે પર મમ્મી ડેડીને તૈરા વિષે કહી જ દેવાનો છું... કે તું હરામખોર છો... મારા માટે બીજી શોધી દો...!!

### ગૃહરાજ્યપ્રધાને આપ્યું આશ્વાસન

# હોટલકર્મીઓને માર મારનાર પોલીસકર્મીઓને બક્ષવામાં નહીં આવે

ગાંધીનગર,તા.૦૭

પોલિસકર્મીઓ દ્વારા હોટેલકર્મીને માર મારવાના બનાવને લઈને એવા બનાવો ફરી ન બને તે માટે સરકાર પ્રતિબદ્ધ હોવાનું આશ્વાસન ગૃહરાજયપ્રધાન પ્રદીપસિંહ જાડેજા દ્વારા આપવામાં આવ્યું હતું. કનડગત કરનાર ચાર પોલિસકર્મીઓને ફરજ મોકૂફ કરી દેવામાં આવ્યાં છે.તેમણે જણાવ્યું હતું કે રાજયના નાગરીકોને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ થકી કોઈ અડચણ ન આવે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. પોલીસ કર્મીઓ દ્વારા પણ નાગરિકોને કનડગત થાય તે સામે પગલાં લેવામાં આવી રહ્યાં છે. તાજેતરમાં સરખેજ ગાંધીનગર હાઈવે પરની જય દ્વારકાધીશ હોટલ ખાતે જમવા બાબતે હોટલના કર્મચારીઓને પોલીસ કર્મીઓ દ્વારા માર મારવામાં આવેલની ફરિયાદ મળતા આ ચારેય પોલીસ કર્મીઓને રાજ્ય સરકારે ફરજ મોકૂફ કર્યા છે.

જાડેજાએ ઉમેર્યુ કે,રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા નાગરિકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે અને સમયબદ્ધ આયોજન તથા સમયસરની કામગીરીના પરિણામે સફળતાઓ પણ મળી છે. જય દ્વારકાધીશ હોટલ ખાતે ૩૧ જાન્યુઆરી ૧૮ના રોજ સવારે બનેલ બનાવને રાજ્ય સરકારે અત્યંત ગંભીરતાથી લઈને સત્વરે કડક હાથે કામગીરી કરવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી અને ત્વરિત કામગીરીના પરિણામે આ કાર્યવાહી કરાઈ છે.

જય દ્વારકાધીશ હોટલ ખાતે બનેલ બનાવમાં બોપલ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા ચાર પોલીસ કોન્સ્ટેબલોએ હોટલના કર્મચારીઓને માર માર્યો હતો તે સંદર્ભે હોટલના સીસીટીવીના રેકોર્ડિંગને ધ્યાને લઈ પોલીસ વિભાગે સમયસરની કાર્યવાહી હતી અને તેમની સામે સરખેજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. ૨ ફેબ્રુઆરીના રોજ આ તમામ પોલીસ કર્મચારીઓને ગ્રામ્ય પોલીસ અધિક્ષક અમદાવાદ દ્વારા ફરજ મોકૂફ કરાયા છે અને આ ચારેય પોલીસ કોન્સ્ટેબલની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ...ગેસ મોંઘો થતાં સિરામિક પ્રોડકટના ભાવ વધવાની શક્યતા

ગાંધીનગર, તા.૦૭

લગભગ દોઢ મહિનાથી નેચરલ ગેસના ભાવ વધારાનો સામનો કરી રહેલો મોરબીનો સિરામિક ઉદ્યોગ હવે સિરામિક પ્રોડકટ્સના ભાવ વધારાની તૈયારી કરી રહ્યો છે. ફેબ્રુઆરી મહિનાના અંત સુધીમાં મોરબી સિરામિક એસોસિયેશન દ્વારા સરેરાશ ૮-૧૦ ટકાનો ભાવ વધારો જાહેર કરવામાં આવે તેવી શકયતા છે. સ્થાનિક બજારમાં છેલ્લા એક મહિનામ) સારી માગ જોવા મળી છે અને નિકાસ મોરચે પણ માગમાં વૃદ્ધિ છે તેથી આ ભાવવધારો બજાર સ્વકારશે એવું એસોસિયેશન માને છે. મોરબી સિરામિક્ એસોના પ્રમુખ નિલેષ જેતપરિયાએ જણાવ્યું હતું કે, જીએસપીસીએ ગેસના ભાવમાં વધારો કર્યો ત્યારે બજારમાં એ ભાવવધારો પાસ ઓન કરી શકાય એ પ્રકારની સ્થિતિ નોહતી. જોકે, છેલ્લા એક મહિનામાં માગમાં ૧૦ ટકા જેટલો સુધારો જોવા મળ્યો છે અને બજાર હવે ભાવવધારાને સ્વીકારે તેવી સ્થિતિ છે. ગેસના ભાવવધારાના કારણે સિરામિક કંપ્રીઓનાં માર્જિન દબાણ હેઠળ હતાં. જાન્યુઆરીના અંતમાં એસોસિયેશનની બેઠકમાં અન્ય મુદ્દાની સાથે સિરામિકસમાં ભાવવધારા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ફેબ્રુઆરી મહિનાના અંત સુધીમાં સિરામિક ટાઈલ્સના ભાવમાં ૮-૧૦ ટકાનો વધારો જાહેર કરવામાં આવે તેવી સંભાવના છે. તેમણે કહ્યું હતું કે નિકાસ મોરચે પણ ઉદ્યોગ પાસે સારા ઓર્ડર છે.

૨૦૧૭ના અંતિમ અઠવાડિયામાં ગુજરાત ગેસ લિ દ્વારા નેચરલ ગેસના ભાવમાં રૂ.૨.૫૦નો વધારો કરવામાં આવ્યો હતો અને તેથી એગ્રીમેન્ટ કંપ્રીઓ માટે નવો ભાવ રૂ.૨૭.૭૭ પ્રતિ સ્ટાન્ડર્ડ કયુબિક મીટર (એસસીએમ)છે. ગેસના ભાવ વધવાના કારણે એકંદરે ઉત્પાદન ખર્ચમાં વિવિધ કેટેગરીમાં ૫-૧૦ ટકાનો વધારો થયો હતો. મોરબીમાં દૈનિક લગભગ ૩ મિલિયન એસસીએમ ગેસનો વપરાશ થતો હોવાનો અંદાજ છે. ઉલ્લેખનીય છે કે મોરબી વાર્ષિક ૧૮૨૦ મિલિયન ચો.મીટર ઉત્પાદન સાથે વિશ્ર્વનું બીજું સૌથી મોટુ કલસ્ટર છે અને ૨૦૧૭માંરૂ.૭૦૦૦ કરોડના રોકાણ સાથે લગભગ ૧૦૦ નવી કંપ્રી ચાલુ થઈ છે જયારે ૨૦૧૮માં પણ ઓછામાં ઓછી ૫૦ નવી કંપ્રીઓ આવવાની સંભાવના છે, જેમાં થિત ટાઈલ્સના ૧૫ યુનિટ્સનો પણ સમાવેશ થાય છે. વીતેલા નાણાકીય વર્ષમાં મોરબી સિરામિક ઉદ્યોગે.રૂ.૨૮૫૦૦ કરોડનું ટર્નઓવર નોંધાવ્યું છે. જેમાં રૂ.૬૦૦૦ કરોડની નિકાસનો પણ સમાવેશ થાય છે.

# કવિ જગદીશ ગોરના પુસ્તકનું વિમોચન યોજાશે

શ્રી કચ્છ મિત્રમંડળ દ્વારા મૂળ કચ્છના અને હાલ ગાંધીનગર સ્થિત કવિ જગદીશ ગોરના સાતમા પુસ્તકનો વિમોચન કાર્યક્રમ ૨૪મી ફેબ્રુઆરીને શનિવારે સાંજે ૩.૩૦ થી ૬ કલાકે ગાંધીનગર ખાતે યોજાશે. 'શરમાળ'ના તખલ્લુસથી પ્રખ્યાત કવિ જગદીશ ગોરનું સાતમું પુસ્તક 'પ્રસંગ પર્વનો મિજાજ' ગુજરાતી કાવ્ય સંગ્રહ છે. આ પુસ્તક વિમોચન સેક્ટર-૨૩ ખાતે આવેલી સર્વ વિશ્વ વિદ્યાલય ફાર્મસી કોલેજના શ્રી બ્રહ્માણી કૃપા હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે 'કલાગુર્જરી'ના પ્રમુખ એન.પી. પટેલ ઉપસ્થિત રહેશે. શ્રી કચ્છ મિત્રમંડળના પ્રમુખ સી.એ. એમ.કે. રંગાણી દ્વારા સાહિત્યરસિક જનતાને ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# રાજ્યમંત્રી પરસોત્તમભાઈ સોલંકીને શપથગ્રહણ કરાવતા કાર્યકારી અધ્યક્ષ

ગાંધીનગર, તા. ૭

૧૪મી ગુજરાત વિધાનસભામાં ભાવનગર(ગ્રામ્ય)થી ચૂંટાયેલા ધારાસભ્ય અને રાજ્યમંત્રી પરસોત્તમભાઈ સોલંકીને શપથગ્રહણ કરાવતા કાર્યકારી અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યએ સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે તેમની ચેમ્બરમાં તેમને ધારાસભ્ય તરીકેના શપથ લેવડાવ્યા હતા. આ વેળાએ મુખ્ય દંડક પંકજ દેસાઈ અને વિધાનસભાના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Info City Club & Resort
PRESENTS
CANDLE LIGHT BUFFET DINNER
WITH LIVE ORCHESTRA & SURPRISE GOODIES FOR ALL
PER COUPLE @ Rs.1500 + GST




FOR BOOKING CALL : +91 99099 06372
DATE & TIME
14th February, 2018 / 7:00 pm to 10:00 pm
VENUE
Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar - 382 009. INDIA.
www.infocityclub.net I info@infocityclub.net
*T&C apply.

## Public Notice

This is to state that and bring to public notice that My client Mr. Parasmal Jawanmal Soni, reasing at Desai Pole, Prantij, District - Sabarkantha has approach me for giving title clearance certificate in respect of shee no-7 property register no 364 of 75 s.q. yard. Nagar Palika house no - 11 and total sq. yard - 63-54-58 was purchased Modi Kamalaben Jayntilal on dated 6th July 1981 that registered sale deed no - 658/1981. and there after that property was executed between first name Parasmal Jawanmal Soni second name Kodikkumar Kundanmal Jawanmal Soni (3) Tilokchand Jawanmal Soni and Chandrakant Nanalal Desai by registered sale deed s.no-886 date on 25th octo-1986 both original registered sale deed and its original registration receipt its is miss placed lost.

It any person party of intuition or e.t.c. as whatsoever nature in the said property and was objection in giving the title clearance certificate shall with 10 days form the publication of notice lodge the objection in writing with documentary evidence with us no claim whatsoever natase would be entastained there after and a cleans and marketable title will be given.

Date : 5th feb 2018

**Soni Kamlesh.kumar kantilal**
**Advocate**
**Prantij gajanand Society-28**
**Ta-Prantij, Dist. Sabarkantha**
**Mo. 94274 80614**

## KALPA-TARU® POWER TRANSMISSION LIMITED

**Registered Office :** Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
**CIN :** L40100GJ1981PLC004281
**Tel No:** +91 79 2321 4000 **Fax :** +91 79 2321 1966 **E Mail :** mktg@kalpatarupower.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter and Nine Months ended December 31, 2017**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended December 31, 2017 | Nine Months Ended December 31, 2017 | Quarter Ended December 31, 2016 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 1,41,737 | 3,84,706 | 1,15,758 |
| 2 | Net Profit for the period (before tax and exceptional and / or extraordinary items) | 11,513 | 32,944 | 8,714 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 11,513 | 32,944 | 8,714 |
| 4 | Net Profit for the period (after exceptional and / or extraordinary items and tax) | 7,523 | 21,717 | 5,714 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 7,132 | 21,856 | 4,712 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| 7 | Other Equity (excluding Revaluation Reserve)* | | | |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | |
| | a) Basic | 4.90 | 14.15 | 3.72 |
| | b) Diluted | 4.90 | 14.15 | 3.72 |

*Reserves excluding revaluation reserve for the year ended as on March 31, 2017 was ₹ 2,44,773 Lakhs.

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.

2 Consequent to introduction of Goods and Service tax (GST) with effect from July 1, 2017, Central Excise, Service Tax, Value Added Tax (VAT), etc. have been subsumed into GST. In accordance with Indian Accounting Standard and Schedule III of the Companies Act, 2013, GST is not included in Revenue from operations. In view of the aforesaid restructuring of indirect taxes, Revenue from operations, Excise Duty and Other Expenses for the quarter ended December 31, 2016 are not comparable with the other periods.

3 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on February 7, 2018. The same have been subjected to Limited Review by the Statutory Auditors.

4 The previous period's figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

**Place : Mumbai**
**Date : February 7, 2018**

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN:01229696**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:

a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.

b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.